# આજે શહેરમાં મહિલા સાયકલ રેલી

**આંતરરાષ્ટ્રીય મહિલા દિન અંતર્ગત 'મહિલા સ્વાસ્થય તથા સાયકલ માટે સલામત શહેર' થીમ આધારિત સાયકલ રેલીનું આયોજન : સવારે ૬.૩૦ કલાકે મેયર હંસાબેન મોદી રેલીનું ઘ-૦ થી પ્રસ્થાન કરાવશે : ગુડા ચેરમેન આશિષ દવે સાયકલ રેલીમાં જોડાશે**

ગાંધીનગર, તા.૫

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નજીક આવી રહ્યો છે. ગાંધીનગરમાં આ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયું છે. શહેરની જી-૩ સાયકલ કલબ દ્વારા તા. ૬ઠ્ઠી માર્ચ રવિવારે સવારે ૬.૩૦ કલાકે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલીને ઘ-૦ સર્કલે ગાંધીનગરના મહિલા મેયર હંસાબેન મોદી લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવશે. રેલીનું ઘ-૦ થી ઘ માર્ગ પર ફરી મહાત્મા મંદીર ફુડકોર્ટ પાસે સમાપન થશે.

'મહિલા સ્વાસ્થ્ય અને સાયકલ માટે સલામત શહેર' થીમ આધારિત આ સાયકલ રેલીમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, કોમનવેલ્થ ગેમ્સમાં મેલબોર્ન ખાતે તથા એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર બીએસએફના ડેપ્યુટી કમાન્ડર જોરાસિંઘ, ડાયરેકટર ઓફ ટુરિઝમ નિત્યાનંદ શ્રીવાસ્તવ પણ જોડાશે. સાયકલ રેલીમાં ગાંધીનગરની શાળાઓના બાળકો, નગરના યુવક-યુવતિ, જાગૃત નાગરિકો, મહિલાઓ તથા વિવિધ સંસ્થાઓના અગ્રણી નગરજનો પણ જોડાશે.

સાયકલ રેલી દ્વારા સમાજમાં મહિલાઓના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવવા તથા વાહન વ્યવહારના ઈંધણ રહિત વિકલ્પરૂપે સાયકલનો ઉપયોગ વધારી સ્વાસ્થ્ય સાથે પર્યાવરણના જતનનો સંદેશ આપવામાં આવશે. આ રેલીમાં જોડાનાર તમામ બાળકોને એક ટી શર્ટ તથા તમામ સાયકલિસ્ટોને પાણીની બોટલની સુવિધા આપવામાં આવશે. સાયકલ રેલી ઘ-૦ થી પ્રાંરભ થઈ ઘ માર્ગ પર ઘ-૭ સુધી જશે ત્યાર બાદ ગ-૭ થી ગ-૪ નજીક મહાત્મા મંદિરે ફુડકોર્ટ પાસે સમાપન પામશે. રેલીનું આયોજન જી-૩ સાયકલ કલબની પ્રિતિ સોનવણે તથા પિન્કી ઝા દ્વારા ગો ગ્રીન ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે.




## @ગાંધીનગર

● સમર્પણ પરિવાર દ્વારા સવારે ૬.૪૫ કલાકે સે-૨૨, પંચદેવ મંદિર ખાતે નિઃશુલ્ક પણે ધ્યાન શિબિર યોજાશે.

● શ્રી અંબાજી મંદિર, નવરાત્રી ચોક સે-૩-સી ખાતે રાત્રે ૮ કલાકે યુવા કથાકાર ભારતી બાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.

● જી-૩ સાયકલ કલબ ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦ કલાકે ઈન્ફોસીટીથી મહાત્મા મંદિર સુધી સાયકલ રેલી યોજાશે.

● ઘ-૪ સર્કલ ખાતે રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે પુસ્તક પરબ યોજાશે. આ કાર્યક્રમમાં ૯૪.૩ માય એફએમ રેડિયોના આર.જે. આરતી સવારે ૮.૧૫ કલાકે મ્યુઝિક બેન્ડ સાથે ઉપસ્થિત રહેશે.

● માણસા તાલુકા પેન્શનર્સ એસોસિએશન દ્વારા રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સત્યનારાયણ મંદિર સજનપુરા માણસા ખાતે બેઠક યોજાશે.

● સેકટર-૩ ન્યુ નવરાત્રી ચોક ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન કથાકાર પ્રવીણભાઈ પંડયાની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથા યોજાશે.

## વાતવાતમાં

● મંગળવારથી શહેરમાં બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી અન્ય ધોરણોના વિદ્યાર્થીઓ માટે શાળાના સમયમાં ફેરફાર કરવાં આવ્યો છે. બપોરની શાળાઓ સવારે વહેલી પાળીમાં કરી માત્ર ત્રણ કે ચાર તાસનું જ શિક્ષણ કાર્ય કરાય છે.

● ગાંધીનગરમાં સે-૧૧માં રામકથા મેદાન ખાતે યોજાયેલ દેવી પૂજક સમાજના સમૂહ લગ્નોત્સવમાં શહેરમાં માનવ મહેરામણ ઉમટયો હતો. ચ રોડ અને ઘ રોડ પર વહેલી સવારથી જ ડીજેની સંગીત સુરાવલીઓ સાંભળવા મળી રહી હતી.

● દેવીપૂજક સમાજના લગ્નોત્સવમાં ઉમટેલી માનવમેદનીના કારણે મેળો ભરાયાનો માહોલ સર્જાયો હતો. આ સ્થળે વિવિધ ચીજવસ્તુઓ જેવી કે રમકડા તેમજ ઠંડા પીણા-ખાણી પીણી વગેરેના ફેરિયાઓ-વેપારીઓ પણ વેપાર કરવા ઉમટી પડયા હતાં.

● હેલ્મેટ ઝુંબેશમાં હવે પોલીસે 'સરપ્રાઈઝ' આપાનું નક્કી કર્યુંછે. મુખ્ય સર્કલ આવતા વાહન ચાલકો હેલ્મેટ પહેરી લેતા હોવાથી હવે પોલીસ સેકટરો પાસેના 'કટ' જેવા કે ૬/૭, ૭/૮, ૧૭/૨૨ જેવી જગ્યાએ ઉભા રહેશે.

● મહાશિવરાત્રિના પગલે નગરમાં શક્કરિયાનું આગમન થઈ ચુકયું છે. નગરની મહિલાઓએ આ વખતે શકકરિયાની વાનગીઓમાં અવનવી વેરાયટી લાવવા અત્યારથી રેસિપિ એકત્ર કરવાનું પ્રારંભ કરી દીધું છે.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનો પ્રથમ વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૫

વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે હંમેશા તત્પર રહેતી શાળા સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં શાળા પરિવારના સહયોગથી પ્રથમ વાર્ષિકોત્સવ-તરંગ ધી રીધમ ઓફ લાઈફ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના પ્રિન્સિપાલે શાળાના ટ્રસ્ટીશ્રીઓ અને વાલીગણને આવકાર્યા હતા. ધો-૧ થી ૪ના વિદ્યાર્થીઓએ અલગ અલગ થીમ પર અવનવા ગીતો ડાન્સ સાથે રજુ કર્યા. ધો-૭ના વિદ્યાર્થીઓએ રાઠવા નૃત્ય રજુ કર્યું હતું. ધો-૮ના વિદ્યાર્થીઓના પેટ્રોએટીક ડાન્સમાં ત્રિરંગાનું નિદર્શન જોવા મળ્યું હતું. ધો-૯ના વિદ્યાર્થીઓએ હોરર ડાન્સ રજુ કરીને સૌને ડરાવી દે એવું વાતાવરણ ઉભું કર્યું હતું.

ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ ઈંગ્લીશ સ્કીટ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ગુજરાતી સ્કીટ રજુ કરી વાતાવરણ હળવું બનાવી દીધું હતું. ધો-૩ થી૯ના વિદ્યાર્થીઓ દ્વારા યોગા, કરાટે, સ્કેટીંગ, રોપ-મલખમનું સ્ટેજ પર્ફોમન્સ વાલીગણમાં અત્યંત પ્રશંસનીય રહ્યું હતું. મ્યુઝિક-વોકલ, ઈન્સ્ટુમેન્ટ જેમ કે ઓકટ્રાપેડ, ડ્રમ્સ દ્વારા સંગીતનો સુરો રેલાવી શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ટીચર્સ દ્વારા પાપા કી લાડકી અભિનય નાટિકા રજુ થઈ હતી. જેમાં દીકરીના જન્મથી લઈ વિદાયની ભૂમિકા જોવા મળી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના મેયર હંસાબેન મોદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બેસ્ટ હાઉસ ટ્રોફીથી સન્માનિત કરી ઉત્સાહમાં વધારો કર્યો હતો. શાળાના ટ્રસ્ટીશ્રીઓના હસ્તક ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને બેસ્ટ કલાસની ટ્રોફી આપવામાં આવી હતી.






# સે-૨૪માં બાળકો દ્વારા 'ક્ષય જાગૃતિ રેલી' યોજાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૨૪માં ઈન્દિરાનગર ખાતે પ્રાથમિક શાળાના બાળકો દ્વારા 'ટીબી જાગૃતિ રેલી' યોજવામાં આવી હતી. આ રેલીમાં આશરે ૨૫૦થી વધુ બાળકો જોડાયા હતા અને ક્ષયરોગની જાગૃતિ અંગે સુત્રોચ્ચાર સાથે માહિતી પત્રિકાઓનું વિતરણ કર્યું હતું.

મહા રોગ ક્ષયના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને શહેરી વિસ્તારમાં આવેલા ઝુંપડપટ્ટી વિસ્તારોમાં આ રોગ ધીમે ધીમે તેનો ફેલાવો વધારતો જાય છે. શહેરી ઝુંપડપટ્ટીમાં ટીબીના દર્દીઓની સંખ્યામાં વધારો ચિંતાજનક બની રહ્યો છે ત્યારે ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી અંગે જાગૃતિ ફેલાવવા કમર કસી છે. આ અંતર્ગત આજે સેકટર-૨૪માં આવેલ સરકારી પ્રાથમિક શાળાના ૨૫૦થી વધુ બાળકોની એક રેલી સવારે ૧૦ વાગે યોજવામાં આવી હતી. આ રેલી સે-૨૪ના ઈન્દિરાનગર વિસ્તારમાં ફરી હતી. જયાં બાળકોએ ક્ષય રોગ પ્રત્યે જાગૃતિ ફેલાવતા બેનર્સ અને પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યા હતા અને તે અંગે સુત્રોચ્ચાર કર્યો હતો. આ ઉપરાંત બાળકોએ ઈન્દિરાનગરના શ્રમજીવી રહીશોને ક્ષય રોગ અંગે જરૂરી સાવધાનીઓ જણાવતી એક માહિતી પત્રિકાનું પણ વિતરણ કર્યું હતું.

રેલીમાં પ્રાથમિક શાળાના બાળકો ઉપરાંત શિક્ષકગણ પણ જોડાયો હતો. આ સાથે ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્રના ડૉ. મીનાબેન ચૌહાણ સહિત કર્મચારીગણ તથા સે-૨૪ના સરકારી દવાખાનાના કર્મચારીઓ પણ આ રેલીમાં જોડાયા હતા.



## ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૫

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જંયતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર ગુજરાતની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૧૬-૧૭ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમિતિના પ્રમુખ તરીકે રાઠોડ ચિમનભાઈ, મહામંત્રી તરીકે ચૌધરી ભરતસિંઘ, ઉપપ્રમુખ પદે પરમાર વિઠ્ઠલભાઈ, ચૌહાણ કલ્પેશ, એ.ટી. શેઠ, સહમંત્રી પદે રાઠોડ અશ્વિન, રાઠોડ હરગોવન, મકવાણા વિરસિંહ, કોષાધ્યક્ષ તરીકે પરમાર નારાયણભાઈ, ટ્રસ્ટી પદે રાઠોડ ગોવિંદભાઈ, મકવાણા હરગોવિંદ, વાણીયા રમેશભાઈ, ડૉ. કે.એન. બામણીયા, તેજોત રાજેન્દ્રભાઈ, ડી.જી. અરસોડા, કાનૂની સલાહકાર તરીકે પ્રવીણભાઈ ટી. અમીન, માનદ સલાહકાર પદે ડૉ. નિતીન અંજાન, સોલંકી મણીલાલ, પી.બી. શ્રીમાળી, ડી.એમ. પરમાર અને એન.ડી.મકવાણા સહિતની નિમણુંક કરવામાં આવી હતી.

## બ્રહ્મભવન ખાતે લઘુરૂદ્રાભિષેક હોમાત્મક યજ્ઞ યોજાશે

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર અને રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના નગરજનો, સંસ્થાઓ અને મહાનુભાવો પરમ પૂજય સ્વામી શ્રી સચ્ચિદાનંદજી, ડૉ. લક્ષ્મેશ જોષી, ડૉ. રશ્મીકાંત મહેતા, પરમ પૂજય ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજી, ભાગ્યેશભાઈ જહા, કૃષ્ણકાન્તભાઈ જહા અને અરુણભાઈ બુચ દ્વારા ભારતના રાષ્ટ્રપતિના હસ્તે પદ્મશ્રી મેળવનાર ગુજરાતના સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષક પ.પૂ. ડાહ્યાભાઈ કરુણાશંકર શાસ્ત્રીજીના સન્માનનો કાર્યક્રમ તા. ૭-૩-૨૦૧૬ને સોમવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન 'બ્રહ્મભવન' સેકટર-૧૩ ખાતે યોજાશે. તેમજ મહાશિવરાત્રી નિમિત્તે સવારે ૭.૦૦ કલાકથી લઘુરૂદ્રાભિષેક હોમાત્મક યજ્ઞ યોજાશે. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનોને હાજર રહેવા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ અને રૂદ્રાભિષેક મંડળના પ્રમુખ રવિન્દ્ર દવેએ અનુરોધ કર્યો છે.

## ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં મહા શિવરાત્રી ઉત્સવ

ગાંધીનગર, તા.૫

સેકટર-૩૦ ઝુલેલાલ-સાંઈબાબા મંદિર પરિસરમાં આવેલા ઝુલેશ્વર મહાદેવ શિવાલયમાં તા. ૭-૩-૨૦૧૬ સોમવારના મહા શિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે સવારે મહાદેવજીનો અભિષેક કરવામાં આવશે. પૂજા અર્ચના બાદ ભકતોને શિવપ્રસાદ અપાશે. સાંજે ૬.૩૦ કલાકે શ્રી ભોલાનાથની ૧૦૮ દીવડાઓની મહા આરતી કરવામાં આવશે. સર્વે ધર્મ પ્રેમી, શિવ ભકતો અને જાહેર જનતાને આ પાવન પર્વમાં સામેલ થઈ પૂજા પાઠ અને મહા આરતીના દર્શન કરવા સિંધી પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપલાણીએ જણાવ્યું છે.

## સેકટર - ૭ બી ના ફોન બે માસથી મુંગા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર સેકટર-૭બી વસવાટ કરતા વસાહતીઓના ફોન બે માસથી મૂંગા થઈ ગયા છે. ભારત સંચાર નિગમનો ફોન અને નેટ બંધ રહેતા વસાહતીઓને સેવાનો વપરાશ કર્યા વિના બીલ ભરવાની નોબત આવી છે. શહેરમાં સ્થિત બીએસએનએલ ઓફીસમાં વસાહતીઓએ અનેકવાર રજુઆત કરી છે છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. બે માસથી બંધ ફોન હોવા છતા ટેલીફોન તંત્રના અધિકારીઓનું પેટનું પાણી હાલતું નથી. ટેલીફોન સેવા બંધ હોવાથી વસાહતીઓ માં રોષ જોવા મળ્યો છે ટેલીફોન વિભાગ દ્વારા સત્વરે ફોન શરુ નહી કરવામાં આવે તો ટેલીફોન ઓફીસ જઈને વસાહતીઓ હંગામો મચાવે તો નવાઈ નહી...

ગાંધીનગર શહેરમાં ભારત સંચાર નિગમ લિમિટેડના ધાંધિયા દિન પ્રતિદિન વધી રહ્યા છે. બંધ ટેલીફોન શરુ ઝડપીના કરતા તેમજ બીલમાં વધારા સહિતની અનેક ઉપાધિને લઈ શહેરના કેટલાંક નાગરિકોએ ના છુટકે ટેલીફોન સેવા બંધ કરવી પડી છે. છતા પણ બીએસએનએલના તંત્રને જાણે કોઈ ફેર પડતો ના હોય તેવી લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૭બી ના રહેણાંક મકાનોના ફોન છેલ્લા બે માસથી બંધ છે. સે.૭બી ની સામે સરકારી હાઈરાઈઝ આવાસો માટે કરવામાં આવેલા ખોદકામને પગલે ટેલીફોનના વાયરીંગને નુકશાન થવા પામ્યુંછે તેમ વસાહતીઓ જણાવી રહ્યા છે. જેને પગલે ટેલીફોન બંધ હાલતમાં છે. આ સેવા કાર્યરત કરવા માટે સ્થાનિક રહીશો લેખીત રજુઆત ઢગલાબંધ કરી છે છતા ફોન સેવા શરુ ન કરવામાં આવતા વસાહતીઓ રોષે ભરાયા છે. બીએસએનએલ નેટ અને ફોનના બીલ વપરાશ કર્યાવિના વસાહતીઓને ભરવા પડે છે. પોતાના ઘરમાં પડેલા ફોન કયારે શરુ થશે તેની ફોન ધારકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા યોગ્ય નિર્ણય લઈ ફોન સત્વરે શરુ કરવામાં આવે તેવી વસાહતીઓની લાગણી છે.

## વિશ્વ મહિલા દિને અનુસૂચિત જાતિની મહિલાઓની વિચારગોષ્ઠી

ગાંધીનગર, તા.૫

આગામી તા. ૮મીએ વિશ્વ મહિલા દિન નિમિત્તે ગાંધીનગરમાં અનુસૂચિત સમાજની મહિલાઓની વચિારગોષ્ઠીનો કાર્યક્રમ યોજેલ છે. તો તેમાં સહભાગી થવા ઈચ્છુક બહેનોને મો. ૯૪૨૬૫૮૨૬૪૭ નંબર પર પોતાનું નામ રજીસ્ટર કરાવવા વિનંતી છે.

# શહેરમાં દેવીપૂજક સંઘનો વિરાટ સમૂહલગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ૧૦૪ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા છે. વિરાટ દેવીપૂજક સંગ દ્વારા પ્રથમ સમૂહ લગ્ન શહેરના રામકથા મેદાન સેકટર - ૧૧ ખાતે યોજાયો હતો. શહેરમાં હજ્જારોની સંખ્યામાં જાનૈયાઓ હાજર રહેતા લગ્નનો માહોલ જામ્યો હતો. ઘ અને ચ માર્ગ પર વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો અને સવારના સમયે બેન્ડ અને ડીજે ના તાલે ડાન્સ કરતા જાનૈયા નજરે પડ્યા હતા. આ લગ્ન સમારોહમાં ભાજપના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહીને નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર - ૧૧ રામકથા મેદાન ખાતે આજે વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા પ્રથમ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧૦૪ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા રાજય અને દેશમાં એક પરિવાર ભાવના જાગૃત થાય તેમજ સહયોગ ભાવનાની સાથે અવિકસીત સમાજ કદમ મિલાવી ગૌરવભર્યુ જીવન જીવી શકે ઓછા ખર્ચે પવિત્ર બંધનમાં બંધાય સહિત ખર્ચ બચાવથી શિક્ષણ અને સભ્ય નિર્વાહ સરળ બને તેવી શુભ ભાવનાથી સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં ૨૦ હજારથી વધુ જાનૈયાઓ આવતા સવારથી જ લગ્નનો માહોલ જોવા મળ્યો હતો. જયારે ઘ અને ચ માર્ગ પર ગાડીઓના ખડકલા સર્જાયા હતા. માર્ગો પર બેન્ડવાજા અને ડીજે ના તાલે ઝુમતા જાનૈયા નજરે પડ્યા હતા. આ લગ્ન સમારોહમાં હસ્ત મેળાપ બપોરે ૧ કલાકે જયારે સાંજે ૫ કલાકે કન્યા વિદાયનો પ્રસંગ યોજાયો હતો. જયારે બપોર ૨ કલાકે નવયુગલોને આશિર્વાદ પાઠવવા મહાનુભાવો હાજર રહ્યા હતા. જેમા રાજયના ગૃહમંત્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહીને આશિર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોતમ રુપાલાએ જણાવ્યું હતું કે ગાંધીનગરમાં અનેક સમૂહલગ્નોનું આયોજન થાય છે અને દેવીપૂજક સમાજે પણ સુંદર આયોજન કર્યુ એ એક ગૌરવની વાત છે. સમાજની દિકરીઓના ભણતર પર વિશેષ ભાર મુક્યો હતો. સમાજની ગરીબી હટાવો દેવીપૂજક સમાજ જન્મજાત કલાકાર હોય છે તેમાં રુપ, ગુણ, સંઘર્ષ સામે લડવાની તાકાત અને બચતની આવડત હોય છે માત્ર કેળળણીની જરુર છે. ભગવાને અનેક વનસ્પિત આપી છે તેનું તમે વેચાણ કરો છો તે ખાવ અને સાત્વિક થાવ, નાનો સમાજ છે અને ડખા ઘણા થાય છે.સમાજના પ્રશ્નોને ઉકેલવા માટે સરકાર તરફથી જરુરી મદદ મળશે જાગૃતતા લાવો આગળ આવશો ખુબ ઉજળુ ભવિષ્ય છે કહીને તમામ નવયુગલોને સુખમય શાંતિમય જીવન નિવડે તેવા આશિર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના અધ્યક્ષ જયંતિભાઈ બારોટ, ઠાકોર સમાજના અગ્રણી અને ભામાશા રોહીતજી ઠાકોર, શહેર ભાજપ પ્રમુખ નિતિનભાઈ પટેલ, દેવી પૂજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ,હોદેદારો સહિત મોટી સંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

**૧૦૪ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા**



(તસવીર : કશ્યપ નિમાવત)




## સે-૨૦ના સરકારી મકાનમાંથી સટ્ટો રમાડતા બે શખ્સો ઝડપાયા

**એલસીબીની ટીમે દરોડો પાડયો : શ્રીલંકા-પાકીસ્તાન વચ્ચે ચાલતી ક્રિકેટ મેચમાં સટ્ટો રમાડતા હતા : રૂ.૫૦ હજારનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૨૦ છ ટાઈપ ખાતે એક સરકારી મકાનમાં ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. શ્રીલંકા-પાકિસ્તાન વચ્ચે ચાલતી મેચ પર સટ્ટો રમાડી રહેલા બે શખ્સોને રૂ. ૫૦ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.



ગાંધીનગર એસ.પી.વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ સટ્ટા પર વિશેષ નજર રાખી રહી છે. દરમિયાન પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમને બાતમી મળી હતી કે સે-૨૦ બ્લોક નં. ૫૮/૩, છ ટાઈપમાં રહેતા મનુ ઈશ્વર નાયીના મકાનમાં શ્રીલંકા-પાકિસ્તાન વચ્ચે ચાલતી ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો છે. જેને આધારે ટીમે મકાનમાં દરોડો પાડી સટ્ટો રમાડતા મનુ ઈશ્વર નાઈ તથા સેકટર-૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીમાં પ્લોટ નં. ૩૮૦/૨ ખાતે રહેતા સુરેશ જીવા પટેલ બંનેની ધરપકડ કરી લીધી હતી. તેમની પાસેથી રોકડ રૂ. ૧૬૩૧૦ તથા મોબાઈલ અને પોર્ટેબલ ટીવી તથા એકટીવા મળીને કુલ રૂ. ૪૯૮૧૦નો મુદ્દામાલ જપ્ત કરી સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ રતિભાઈ રામદાસ, ઉ.વ. ૭૨
- સ્વ. ઠાકોર શકરાજી મોતીજી, ઉ.વ. ૮૫
- સ્વ. પટેલ શાકુબેન સોમાભાઈ, ઉ.વ. ૯૦
- સ્વ. ભીખાજી બળદેવજી મકવાણા, ઉ.વ. ૫૫